ડાયરેકટર,સિવીલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ,
ગુજરાત રાજ્ય, હોમગાર્ડઝ ભવન, લાલ દરવાજા, અમદાવાદ – ૩૮૦ ૦૦૧.
ફોન નં. ૦૭૯ ૨૫૫૦ ૬૦૨૨ / ૨૫૫૦ ૬૦૨૩, ફેક્સ નં. ૦૭૯ - ૨૫૫૦ ૬૦૨૧

150 YEARS OF CELEBRATING THE MAHATMA

પરિપત્ર ક્રમાંકઃ- કજ / તલમ / ૧૭૨૭ / ૭૧૮ / ૨૦૧૯. ૨૩ સપ્ટેમ્બર – ૨૦૧૯.

**ગૃહરક્ષકદળના માનદ્ હોમગાર્ડઝ સભ્યોની ભરતી અંગે વિગતવાર સુચનો અને માર્ગદર્શન પ્રસિધ્ધ કરવા બાબત.**

વંચાણે લીધાઃ-

(૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૪૦૬/૫૮૪ થી ૬૩૨/૨૦૧૦. તા.૧૯/૦૭/૨૦૧૦.
(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૪૦૬/૫૮૩/૨૦૧૦. તા.૧૭/૦૭/૨૦૧૦.
(૩) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૫૦૩/૩૪૦ થી ૩૬૮/૨૦૧૨. તા.૧૭/૦૩/૨૦૧૨.
(૪) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૪૦૬/૧૭૦૪ થી ૧૭૩૦/૨૦૧૩.તા.૨૯/૦૧/૨૦૧૩.
(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૫૮૧/મહીલા હોમગાર્ડઝ ભરતી ના માપદંડ/૩૧૦/ ૨૦૧૪. તા.૩/૦૩/૨૦૧૪.
(૬) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૪૦૬/૨૯/૨૦૧૫. તા.૦૯/૦૨/૨૦૧૫.
(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ- કજ/તલમ/૧૭૮૪/૨૭૬૬/૨૦૧૮. તા.૦૪/૧૦/૨૦૧૮.
(૮) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- કજ/ તલમ / ૧૫૮૧ /૩૩૫ /૨૦૧૯. તાઃ- ૨૩/૦૧/૨૦૧૯
(૯) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૬/૧૧/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૫ /૧૨૨૩-ક
(૧૦) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા. ૨૨/૦૮/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક : GG/ 2019/ 91/ HGD/ 102003/ 4153/PF-I/F

વિગતઃ-

હોમગાર્ડઝ દળએ માનદ દળ છે. રાષ્ટ્રના નાગરીકો પોતાના વ્યવસાય ઉપરાંતના સમયગાળામાં આ દળમાં જોડાઇ રાષ્ટ્રની સેવા કરે છે. સ્ટેડીંગ ઓર્ડર – ૧ – ૨૦૧૦ (હોમગાર્ડઝ) માં કરેલ જોગવાઇ અનુસાર શારીરિક કસોટીઓ તાલુકા કક્ષાએ ઉમેદવારો પરિપૂર્ણ કરી શકતા ન હતા. જેથી અમુક જિલ્લાઓને ફાળવેલ સંખ્યાબળ પૂર્ણ કરવા માટે મુશ્કેલી થતી હતી. તદ્ ઉપરાંત ઝોન વાઇઝ હોમગાર્ડઝની ભરતી જે તે નિર્ધારિત સમયગાળામાં કરવી શક્ય બનતી ન હતી.

ઉકત તમામ હક્કીતો ધ્યાને લેતા ગૃહરક્ષકદળના માનદ્ સભ્યોની ભરતી અંગે વિગતવાર સુચનો તથા માર્ગદર્શનોમાં સુધારો કરવો જરૂરી જણાતા નીચે મુજબ પરિપત્ર બહાર પાડવામાં આવે છે. અને આમુખમાં દર્શાવવામાં આવેલ અત્રેની કચેરીના પરિપત્રો આથી રદ કરવામાં આવે છે.

પરિપત્રઃ-

૧. ભરતી સમિતિઃ-

ભરતીની કાર્યવાહી માટે જિલ્લા કક્ષાએ નીચે મુજબના અધિકારીઓની સમિતિ બનાવવામાં આવે છે.

૧. અધ્યક્ષઃ- જિલ્લા કમાન્ડન્ટ.
૨. સભ્યઃ- વડી કચેરીના પ્રતિનિધી
૩. સભ્યઃ- સેકન્ડ ઈનકમાન્ડ/ જિલ્લાના સિનિયર માનદ્ અધિકારી
૪. સભ્યઃ- સ્ટાફ ઓફિસર મેડીકલ.
૫. સભ્યઃ- સ્ટાફ ઓફિસર ટ્રેનિંગ.
૬. સભ્ય સચિવઃ- જિલ્લાના સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર.

૨. ભરતીની જાહેરાતઃ-

ભરતી પ્રક્રિયા શરૂ કરતા પહેલાં સ્થાનિક અખબારો, જાહેર સ્થળોના નોટીસ બોર્ડ, યુનિટ કચેરીના નોટીસ બોર્ડ ઉપર ભરતીનો બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ નાગરિકો હોમગાર્ડઝ દળમાં સેવા આપવા ઇચ્છુક બને તે રીતે જાહેરાત કરવી.

૩. (અ) હોમગાર્ડઝદળમાં ભરતી થવા આવનાર પુરૂષ ઉમેદવારની લાયકાતઃ-

(ક) ભારતનો નાગરિક હોવો જોઇએ.

(ખ) ધોરણ - ૧૦ પાસ અથવા તેથી વધુ શૈક્ષણીક લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(ગ) ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇએ.

(ઘ) વજન ઓછામાં ઓછુ ૫૦ કિલો હોવું જોઇએ.

(ચ) ઉંચાઇ ઓછામાં ઓછી ૧૬૨ સેન્ટી મીટર,
છાતી ઓછામાં ઓછી ૭૯ સેન્ટી મીટર હોવી જોઇએ, ૫ સેન્ટી મીટર જેટલી છાતી કુલાવી શકતા હોવા જોઇએ.

(છ) અરજદારે કોઇ ગુન્હાહિત કૃત્ય કરેલ ન હોવું જોઇએ. અને ભારતમાં વિધિ દ્વારા સ્થાપિત કોઇ પણ ન્યાયાલય દ્વારા શિક્ષા થયેલ ન હોવી જોઇએ.

(જ) અરજદાર કોઇ કોમી સંસ્થા સાથે સંકળાયેલ ન હોવા જોઇએ તથા કોમ્યુનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ન હોવા જોઇએ.

(બ) હોમગાર્ડઝદળમાં ભરતી થવા આવનાર મહિલા ઉમેદવારની લાયકાતઃ-

(ક) મહિલા ઉમેદવારના કિસ્સામાં વજન - ૪૦ કિલો હોવું જોઇએ.

(ખ) મહિલા ઉમેદવારોની ઉંચાઇ ૧૫૦ સેન્ટી મીટર હોવી જોઇએ.

(ગ) ૩ (અ) માંસુચવેલ મુદ્દા નંબર ક, ખ, ગ, છ અને જ માં સુચવ્યા મુજબ ની લાયકાત યથાવત રહેશે.

૪. ભરતી કસોટીઃ-

આ સમીતિએ ભરતી મેળા વખતે ભરતી થનાર ઉમેદવારોની શારીરીક કસોટીનું આયોજન કરવાનું રહેશે. જે નીચે મુજબ રહેશે. તદ્ ઉપરાંત દરેક ઉમેદવારનાઓએ નિયત કરેલ મેડીકલ ટેસ્ટ પાસ કરવાનો રહેશે.

| ક્રમ | ઉમેદવાર | ટેસ્ટનું નામ | પાસિંગ સ્ટાન્ડર્ડ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | પુરુષ ઉમેદવાર | ૧૬૦૦ મીટર દોડ | ૦૯ મિનીટ | દોડ ની પરીક્ષામાં પાસ થનાર ને ૭૫ ગુણ મળવા પાત્ર થશે. |
| ૨ | મહિલા ઉમેદવાર | ૮૦૦ મીટર દોડ | ૦૫ મિનીટ ૨૦ સેકન્ડ | |

૫. કયા ઉમેદવારોને પ્રાથમિકતા આપવી તે અંગેનું પસંદગીનું ધોરણ

મેદાની દોડ પરીક્ષા ૭૫ (પંચોતેર) ગુણની રહેશે. મેદાની પરીક્ષામાં નિયત સમયમાં દોડ પુરી કરનારને પુરેપુરા પંચોતેર ગુણ મળવા પાત્ર થશે. તદ્ ઉપરાંત નીચે દર્શાવેલ લાયકાતો ધરાવનાર નાગરીકો ગૃહરક્ષકદળ માં સેવા આપવા ઇચ્છુક હોય તો તેઓને પ્રાથમિકતા આપવી.

(i) એન.સી.સી. પરીક્ષા પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારોને વધારાના ૦૫ (પાંચ) ગુણ મળવાપાત્ર થશે.

(ii) રાજ્ય કક્ષા / રાષ્ટ્રીય કક્ષા / યુનિવર્સિટી કક્ષા એ કોઈ રમત - ગમત સ્પર્ધામાં પ્રમાણપત્ર / મેડલ મળેલ હોય તો વધારાના ૦૫ (પાંચ) ગુણ મળવાપાત્ર થશે.

(iii) હેવી મોટર વ્હીકલ અથવા લાઇટ મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોય તો વધારાના ૦૫ (પાંચ) ગુણ મળવાપાત્ર થશે.

(iv) કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા અને સરકાર માન્ય સંસ્થા માંથી "CCC" પરીક્ષા પાસ હોય તો વધારાના ૦૫(પાંચ) ગુણ મળવાપાત્ર થશે.

(v) યોગ, મીકેનીકલ, ઇલેક્ટ્રીકલ, ઓફીસ ઓટોમેશન, ઓટો મોબાઇલ્સ અને નર્સીંગ ટ્રેડનો ડિપ્લોમા / I.T.I. નું સર્ટિફિકેટ ધરાવતા હોય તો વધારાના ૦૫ (પાંચ) ગુણ મળવાપાત્ર થશે.

૬. (ક) ઉકત શારીરીક કસોટીમાં પસંદ પામેલ ઉમેદવારોએ તાલીમ માટે શારીરીક રીતે સક્ષમ છે તે અંગેનું મેડીકલ ફીટનેસ નું પ્રમાણપત્ર ભરતી બોર્ડ ને રજુ કરવાનું રહેશે.

(ખ) મેડીકલ ફીટનેસ મેળવ્યા બાદ 2 ½ (અઢી કલાક) ની એક એવી દૈનિક ૨ (બે) પરેડ યોજી કુલ - ૩૬ (છત્રીસ) પરેડોની તાલીમ દિન - ૧૮ માં પૂર્ણ કરવાની રહેશે.

(ગ) ઉમેદવારોએ રીક્રુટ તાલીમ સ્વખર્ચે અને સ્વ જોખમે મેળવવાની રહેશે અને તે મતલબનું બાહેંધરી પત્રક ભરતી બોર્ડ ને આપવાનું રહેશે. રીક્રુટ તાલીમ દરમ્યાન કોઇપણ પ્રકારનું ભથ્થું મળશે નહીં.

(ઘ) તાલીમ પૂર્ણ કર્યા બાદ ટર્ન આઉટ, પી.ટી. અને પદ કવાયત ના વિષયો સહિત ની એક રીક્રુટ ટેસ્ટ ભરતી બોર્ડ દ્વારા લેવાની રહેશે.

(ચ) રીક્રુટ ટેસ્ટમાં પાસ ઉમેદવારોની ભરતીની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે.

૭. <u>દરખાસ્ત સાથે રજુ કરવાના પ્રમાણપત્રોઃ-</u>

ઉકત ટેસ્ટ લઇ ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની ચાલ - ચલગત મેડીકલ તથા પોલીસ વેરીફીકેશન ની કાર્યવાહી પૂર્ણ કરી પછી જિલ્લાના સેટ-અપ મુજબ ખાલી જગ્યાના પ્રમાણમાં ભરતીની દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરી હેડકવાર્ટસની મંજુરી માટે મોકલી આપવી. પ્રત્યેક દરખાસ્તમાં જિલ્લા કમાન્ડન્ટ તરફ થી હવે પછી નીચે મુજબનાં પ્રમાણપત્રો આપવાનાં રહેશે.

૧. દરેક ઉમેદવારોનાં અરજીપત્ર ભરાવડાવીને મેળવેલ છે. જે જવાબદાર અધિકારીએ ચકાસેલ છે અને બરોબર છે.

૨. દરેક ઉમેદવારોએ મેડીકલ ટેસ્ટ કરાવેલ છે અને સંપૂર્ણ રીતે ફીટ છે.

૩. દરેક ઉમેદવારોની ચાલચલગત ની તપાસ પોલીસ સત્તા પાસે કરાવેલ છે તેમાં કોઇ પણ ઉમેદવાર વિરૂધ્ધ કોઇ પણ ગુન્હા નોંધાયેલ નથી. જે બાબતની સક્ષમ પોલીસ અધિકારીશ્રીનાં પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ છે.

૪. દરેક ઉમેદવારો ભરતી બોર્ડ દ્વારા તા.......................... ના રોજ રીક્રુટ ટેસ્ટ લેવામાં આવેલ છે અને ભરતી માટે લાયક ઠરેલ છે.

૫. જિલ્લાનાં સેટ-અપના માળખા મુજબ જિલ્લાને ફાળવેલ સંખ્યાબળ કરતાં વધતું નથી.

ઉપરોકત પ્રમાણપત્ર ની વિગત દરખાસ્ત પત્રમાં દર્શાવી સંપૂર્ણ વિગતોવાળી દરખાસ્તો જિલ્લા કમાન્ડન્ટશ્રીની સહી કરાવી હેડકવાટર્સની મંજુરી માટે મોકલી આપવી.

જિલ્લા કચેરીઓમાં નવી ભરતી થયેલ ઉમેદવારોની દરખાસ્ત જયારે વડી કચેરીને મંજૂરી અર્થે મોકલવામાં આવે ત્યારે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

૮. ભરતી દરખાસ્તનું નિયત નમુના પત્રકઃ-

ભરતી દરખાસ્ત જિલ્લા કચેરીએથી કોમ્પ્યુટરરાઇઝ અને અત્રેથી નિયત થયેલ નીચે મુજબના નમુના ના પત્રકમાં જ મોકલવાની રહેશે.

| ક્રમ | ઉમેદવારનું નામ | જન્મ તારીખ | અભ્યાસ | પોલીસના વેરીફીકેશન પ્રમાણ પત્રનો ક્રમ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

૯. જનરલ સુચનાઓઃ-

૧. ઉમેદવારના જિલ્લા કચેરીના લીસ્ટમાં દરેક પાને ભરતી સમિતિના સભ્યો, સભ્ય સચિવ અને જિલ્લા કમાન્ડન્ટશ્રીના સહી સિક્કા કરવાના રહેશે.

૨. પોલીસ વેરીફીકેશન લીસ્ટ ના ક્રમ મુજબ જિલ્લા કચેરીનું ભરતીનું લીસ્ટ તૈયાર કરી મોકલવાનું રહેશે.

૩. ભરતીની દરખાસ્ત ઓછામાં ઓછી એક સેકશન (બાર હોમગાર્ડઝ) માં જ મોકલવાની રહેશે. આ સિવાય વિશિષ્ટ લાયકાત ધરાવતા હોમગાર્ડઝની ભરતી કરવાની જરૂર જણાય તો તે અંગેનું જસ્ટીફીકેશન આપી ખાસ કિસ્સામાં એક સેકશનથી ઓછા ઉમેદવારની અલગથી દરખાસ્ત મોકલવાની રહેશે.

આ દરખાસ્ત સાથે જિલ્લાના સક્ષમ અધિકારીશ્રી તરફથી પોલીસ વેરીફીકેશન કર્યા અંગેના પત્રની ઝેરોક્ષ નકલ પ્રમાણીત કરી અવશ્ય મોકલી આપવાની રહેશે.

૪. અત્રેથી મંજૂરી મેળવેલ સભ્યોને સ્થાનિક કક્ષાએ હોમગાર્ડઝ ની નિયમિત યોજાતી પરેડોમાં સામેલ થવાનું રહેશે. અને તેઓને નિયમોનુસાર પરેડ ભથ્થું મળવા પાત્ર રહેશે.

૫. ભરતી પૂર્ણ થયા બાદ ભરતી થયેલ તમામ ઉમેદવારો એ બેઝીક તાલીમ કેમ્પ કરવો ફરજીયાત રહેશે.

૬. જયારે કોઇ પણ નાગરિક જિલ્લા હોમગાર્ડઝ કચેરી અથવા યુનિટ કચેરીનો હોમગાર્ડઝ દળમાં માનદ્ સેવા આપવા હેતું સંપર્ક કરે તો ભરતી અંગે પૂરી માહિતી આપવી અને ભરતી ઇચ્છુક નાગરિકોનું નામ, સરનામું તથા સંપર્ક નંબર સાથેનું એક રજીસ્ટ્રર જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાએ નિભાવવું તથા ભરતીની તારીખ પહેલા લેખીત / ફોનથી / SMS મેસેજથી જાણ કરવાની રહેશે.

૭. હોમગાર્ડઝ સભ્યોની ભરતી કરતા સમયે ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ ધ્યાને લઈ જિલ્લાઓમાં ફાળવેલ સંખ્યાબળના ૨૦ % જેટલું વેઇટીંગ લીસ્ટ બનાવવાનું રહેશે. આ વેઇટીંગ લીસ્ટ ભરતી ની મંજુરીની તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. ૨૦ % વેઇટીંગ લીસ્ટની વડી કચેરી ખાતે મંજુરી માટે મોકલવા નું રહેશે.

૮. આ ભરતી અંગેની તમામ કાર્યવાહી નિયત કરેલ ધોરણો અનુસાર તેમજ સમય-મર્યાદામાં થાય તે અંગેની સઘળી જવાબદારી ભરતી બોર્ડના સભ્ય સચિવ તરીકે જિલ્લાના સબ ઇન્સ્પેકટર ઇન્સ્ટ્રકટર ની રહેશે.

૯. આમુખ (૯) માં દર્શાવેલ ગુજરાત સરકાર ના સામાન્ય વહીવટ વિભાગ ના ઠરાવ અનુસંધાને "રૂબરૂ મુલાકાત" ની જોગવાઈ રદ કરવામાં આવે છે.

૧૦. ઉમેદવારોની મંજુરીની દરખાસ્ત, શૈક્ષણિક લાયકાત, રહેણાંકના પુરાવો, પોલીસ વેરિફિકેશન અને વડી કચેરીથી મળેલ મંજૂરી કાયમી રેકોર્ડ તરીકે નિભાવવાનું રહેશે. આ સિવાયનું ભરતી અંગેનું આનુષંગીક રેકર્ડ છ માસ સુધી સાચવી ત્યારબાદ ભરતી કમિટીના સભ્યો / અધ્યક્ષની મીટિંગમાં રોજકામ કરી નાશ કરવાની મંજુરી આપવામાં આવે છે.

૧૧. અત્રે ની કચેરી ના પરિપત્ર ક્રમાંક:- કજ/ વહટ / ૨૦૫/ ૧૦૧૭ થી ૧૦૯૭/ ૨૦૧૧ તા:- ૩૦/૦૫/૨૦૧૧ મુજબ જે તે યુનિટના તાલુકાના ઉમેદવારોને ભરતી કરી શકાશે, પરંતુ જે તે યુનિટ માં તાલુકા અને જિલ્લા બહારના ઉમેદવારોને ભરતી કરી શકાશે નહીં.

<u>આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવા જણાવવામાં આવે છે.</u>

( ટી. એસ. બિષ્ટ) IPS
કમાન્ડન્ટ જનરલ,
હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય.

પ્રતિ,
સર્વે જિલ્લા કમાન્ડન્ટશ્રી,
હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય. તરફ અમલવારી અર્થે.

નકલ રવાના:-

(૧) સિનીયર સ્ટાફ ઓફિસરશ્રી – ૧ અને ૨, હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય, વડી કચેરી તરફ જાણ સારૂ.

(૨) કમાન્ડન્ટશ્રી, સેન્ટ્રલ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ, જરોદ, તા - વાઘોડીયા, જિ - વડોદરા તરફ જાણ સારૂ.

(3) જુનીયર સ્ટાફ ઓફિસરશ્રી, તાલીમ / મહેકમ / વહીવટ / બોર્ડરવિંગ તથા હિસાબી અધિકારીશ્રી, હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય, વડી કચેરી તરફ જાણ સારૂ.

(૪) સેન્ટર કમાન્ડરશ્રી, હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર, માધવનગર તથા સુંઢીયા તરફ જાણ સારૂ.

(૫) વડી કચેરીની તમામ શાખાઓ તરફ જાણ અર્થે.

(૬) આઈ.ટી.શાખા, વડી કચેરી, સદરહું માનદ્ હોમગાર્ડઝ સભ્યોની ભરતી ની લાયકાતો તેમજ પ્રક્રિયા " OJAS " વેબસાઇટ ઉપર મુકવા / હાથ ધરાય તે મુજબની કાર્યવાહી કરવા અર્થે.

નકલ સવિનય રવાના:-

- ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, "ફ" શાખા, સચિવાલય ગાંધીનગર.